ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G



પ્રવેશ દ્વારે સર્કલ નિર્માણ - અમદાવાદથી ગાંધીનગર માર્ગના પ્રવેશ કેન્દ્ર પર વિશાળ સર્કલ બનાવવાની કામગીરી આરંભાઈ છે. વિસત ત્રણ રસ્તા જ્યા મહત્તમ વાહનોની અવરજવર રહે છે. ઉત્તર ગુજરાતને જોડતા અમદાવાદ-પાલનપુર માર્ગ પરથી ગાંધીનગરનો માર્ગ શરૂ થાય છે ત્યાં ટ્રાફિક નિયંત્રણ અને અકસ્માતો નાથવા વિશાળ સર્કલ બનાવવાની કામગીરી યુદ્ધના ધોરણે આરંભાઈ છે. (તસવીર : કશ્યન નિમાવત)

# આકરી ગરમીને પગલે વેકેશન લંબાવવા માંગ

## વેકેશન લંબાવવાની વિચારણાના અંતે પણ શિક્ષણ વિભાગમાંથી કોઈ નિર્ણય લેવાયો નથી : વાલીઓ અને વિદ્યાર્થીઓમાં નિર્ણય માટે ભારે ઉત્સુકતા

ગાંધીનગર, તા.૭

સમગ્ર રાજયમાં કાળજાળ ગરમીનું મોજું ફરી વળ્યું છે. આગ ઓકતી ગરમીએ અત્યાર સુધીમાં ૧૦ થી વધુ વ્યક્તિનો ભોગ લીધો છે. આવા સંજોગોમાં આમ નાગરિકો અસહ્ય ગરમીથી બચવા અનેક નુસ્ખાઓ અજમાવી રહ્યા છે. ત્યારે વિક્રમી ગરમીને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ચિંતાનું મોજું પ્રવર્ત્યું છે. આગામી તા.૯ જુનથી નવું શૈક્ષણિક સત્ર શરુ થનાર છે ત્યારે આક્રમક હિટવેવને ધ્યાને લઈ વેકેશનનો સમયગાળો લંબાવવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે શિક્ષણ વિભાગ કક્ષાએથી આ અંગે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. જેના પરિણામે વિદ્યાર્થીઓ અને વાલીઓની મૂંઝવણ વધી ગઈ છે. ગરમીને અનુલક્ષી શાળાના સમયમાં ફેરફાર કરવાની વ્યવસ્થા વિચારાય તેવી પણ લાગણી વ્યક્ત કરવામાં આવી રહી છે.

સમગ્ર રાજયમાં છેલ્લા દશ દિવસથી આગ વરસતી ગરમીએ જનજીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યું છે. ત્યારે રાજયના પાટનગરમાં પણ ગરમીનો પારો ૪૪ ડિગ્રીને પાર કરી જતા શહેરીજનો હિટવેવથી તોબા પોકારી ગયા છે. ગરમીના લીધે રાજયમાં અત્યાર સુધી ૧૦ થી વધુ વ્યક્તિઓનો ભોગ લેવાયો હોવાનું ધ્યાને આવ્યું છે. અંગ દઝાડતી ગરમીએ ગાંધીનગરાઓને પણ બેબાકળા કરી દીધા છે. આક્રમક ગરમીની અસરથી આમ નાગરિકો ડીહાઈડ્રેશન, ઝાડા-ઉલ્ટી, સન સ્ટ્રોક સહિતની બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આકરી ગરમીની ઋતુમાં આગામી તારીખ ૯ જુનથી શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર શરુ થનાર છે. પરંતુ ગરમીના ઉગ્ર મિજાજને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ચિંતા પ્રવર્તી છે. એક બાજુ ગરમીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા વેકેશનનો સમયગાળો અઠવાડિયા સુધી લંબાવવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ શિક્ષણ વિભાગ દ્વારા વિચારણાના અંતે પણ આ મામલે કોઈ નિર્ણય ન લેવાયો હોવાનું સ્પષ્ટ થયું છે. જયારે ગરમીને અનુલક્ષી શાળાના સમયમાં ફેરફાર કરવાની માંગ પણ ઉઠવા પામી છે. સામાન્ય રીતે અતિવૃષ્ટિ અને કાતિલ ઠંડીના દિવસોમાં શાળાના સમયમાં મોડે મોડેથી ફેરફાર કરવામાં આવતો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. જયારે કેટલીક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સરકારના નિર્ણયનો યોગ્ય અમલ પણ કરવામાં આવતો નથી. આવા સંજોગોમાં ગરમીના આકરા દિવસોને ધ્યાને લઈને પણ આ મામલે સમયસર નિર્ણય લેવામાં આવે તેવી લોકલાગણી પ્રબળ બની છે.

# મશીન ખરીદવાના બહાને બેંક સાથે ૧.૧૮ કરોડની છેતરપીંડી

## બેંક ઓફ મહારાષ્ટ્રની સે.૨૧ શાખાના અધિકારીઓએ તપાસ કરતા બહાર આવ્યું કે મશીનોના બિલો ખોટા હતા : કોઈ મશીન ખરીદાયા જ નથી : ત્રણ વેપારી શખ્સોની ધરપકડ

ગાંધીનગર,તા.૭

બેંક ઓફ મહારાષ્ટ્રની ગાંધીનગર શહેરમાં સ્થિત સે-૨૧ ની શાખામાંથી અમદાવાદના બે શખ્સોએ વિવિધ સિલાઈ મશીનો લાવવા માટે લોનની માંગણી કરી હતી. ૧૪ મશીનો લાવવા માટે રૂ.૧.૧૮ કરોડની બે શખ્સોએ મળીને લોન લઈ લીધી હતી. મશીનોના બિલો બતાવી દેવાયા હતા પરંતુ ત્યાર બાદ બેંક અધિકારીઓ દ્વારા તપાસ કરતા આવા કોઈ મશીનો લાવ્યા જ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. બેંક સાથે રૂ. ૧.૧૮ કરોડનું ચીટીગ કરી રૂપિયા વીમા પોલીસી સહીત અન્ય જગ્યાએ વાપરી નાંખનાર આરોપીઓ તથા મશીન સપ્લાયર મળીને ત્રણ જણા સામે બેંક મેનેજરે ફરિયાદ આપતા સે-૨૧ પોલીસે ત્રણેયની ધરપકડ કરી લીધી છે. હાલ ત્રણેય આરોપીઓ પોલીસ રીમાન્ડ પર છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર સે-૨૧ ખાતે સ્થિત બેંક ઓફ મહારાષ્ટ્ર શાખામે સિલાઈ સહિતના વિવિધ મશીનો ખરીદવા માટે અમદાવાદના નિકોલ ખાતે રહેતા જીગ્નેશ કાનજી બાવીસી અને બાપુનગર રહેતા મલ્કેશ આર રામીગા બંને વેપારીઓએ મળીને લોન અરજી કરી હતી. ૧૪ મશીનો લાવવા માટે જીગ્નેશને ૫૫ લાખ અને મલ્કેશને ૬૩ લાખ મળીને બેન્કે કુલ રૂ.૧.૧૮ કરોડની લોન મંજુર કરી આપી હતી. તે અંતર્ગત બંને વેપારીઓએ મશીન સપ્લાયર નિકોલના -વીણ સાવલીયાના નામના મશીનના બિલો પણ બેંકમાં રજુ કર્યા હતા. બેંક અધિકારીઓ દ્વારા આકસ્મિક ચેકિંગ કરતા દર્શાવેલા સ્થળે આવા કોઈ મશીન જ મુકાયા ન હોવાનું ઉપરાંત કોઈ મશીનની ખરીદી પણ કરાઈ ન હોવાનું ધ્યાને આવ્યું હતું. બેંક મેનેજરે આ છેતરપીડી અંગે જે-તે સમયે અરજી પણ આપી હતીપરંતુ બંને વેપારીઓએ બેન્કના રૂપિયા થોડા જ દિવસ માં ચૂકવી દેવા બાહેધરી આપતા મામલો શાંત પાડ્યો હતો. તે વાતને પણ ઘણો સમય વીતી ગયા બાદ પણ પૈસા ન ચૂકવતા બેંક મેનેજર પી.બી.જાદવ દ્વારા સે-૨૧ પોલીસ મથકમાં ત્રણેય સામે ફરિયાદ આપવામાં આવી હતી. જેને આધારે પોલીસે ત્રણેય આરોપીઓની ધરપકડ કરી ઝીણવટભરી પૂછપરછ શરુ કરી છે. હાલ ત્રણેય આરોપીઓ સે-૨૧ પોલીસ મથકમાં રીમાન્ડ પર છે.



સહકાર સેતુ - ગાંધીનગર ખાતે ગુજરાત કો-ઓપરેટીવ બેંક એસોસીએશન અને અર્બન કો.ઓપ. બેંક્સ ફેડરેશનના ઉપક્રમે યોજાયેલ સહકાર સેતુનો મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેનના હસ્તે મંગલ પ્રારંભ કરાયો હતો. આ પ્રસંગે શ્રીમતી આનંદીબેન પટેલે 'સ્વાસ્થ્ય વીમા યોજના'નું લોન્ચીંગ કર્યું હતું. વિધાનસભાના અધ્યક્ષ શ્રી વજુભાઈ વાળા અને રાજ્યકક્ષાના મંત્રી શંકરભાઈ ચૌધરી સહિત સહકારી આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ચૂંટણીના ખર્ચ માટે નિમાયેલા નિરીક્ષકો ૧૬-૧૭ ગાંધીનગર આવશે

ગાંધીનગર, તા. ૭

લોકસભાની ચૂંટણી માટે નિમાયેલા ખર્ચ નિરીક્ષકો ૧૬-૧૭ જૂનના રોજ ગાંધીનગર આવશે.

લોકસભાની ચૂંટણીઓ સંપન્ન થયાના એક માસમાં તમામ ઉમેદવારોએ તેમના હિસાબો રજુ કરવાના હોય છે. ૧૬મી મે ના રોજ ચૂંટણીનું પરિણામ આવ્યું હતું. ૧૬મી જૂને આ મુદતને એક માસ પૂર્ણ થઈ રહ્યો હોવાથી ચૂંટણી માટે નિમાયેલા ખર્ચ નિરીક્ષકો હવે ગાંધીનગર આવી ચૂંટણી ખર્ચની ચકાસણી કરી તેમનો અહેવાલ ચૂંટણી પંચને આપશે.

મળતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે ગાંધીનગર બેઠક પર ઉભા રહેલા ઉમેદવારો પૈકી એક પણ ઉમેદવારે નિયત કરેલ રૂ. ૭૦ લાખના ખર્ચની મર્યાદા કરતાં વધુ ખર્ચ કર્યો નથી.

ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોનો ખર્ચ પણ લગભગ ૩૦ લાખની આસપાસ રહેતો હોવાનું જાણવા મળેલ છે.

ચૂંટણી પંચે ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે બે ખર્ચ નિરીક્ષકોની નિયુક્તી કરી હતી. ખર્ચ નિરીક્ષકો આવી ઉમેદવારો દ્વારા રજુ થયેલા ખર્ચના હિસાબોની ચકાસણી કરશે.

પંચે ઉમેદવારોના ખર્ચની ચકાસણી માટે શેડો રજીસ્ટર પણ બનાવ્યા હતા જેથી ઉમેદવારોએ કરેલા ખર્ચ સાથે તેની સરખામણી કરી વિસંગતતાઓ અલગ તારવી શકે.


પંચના આ બન્ને નિરીક્ષકોએ ગાંધીનગરમાં થયેલા ખર્ચ પર બાજનજર રાખી હતી. સમયસર હિસાબ રજુ નહિ કરવા માટે ચાર જેટલા ઉમેદવારોને નોટીસ પણ આપી હતી જે ઉલ્લેખનીય છે. તો વિસંગતતાને લઈ પણ ઉમેદવારોને નોટીસ આપી હતી તે ઉલ્લેખનીય છે.

# જિલ્લામાં ૧૮ પીએસઆઈની આંતરિક બદલીઓના હુકમ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષકે આજે જિલ્લાના ૧૮ પી.એસ.આઈ.ની આંતરીક બદલીઓના આદેશ જારી કર્યા છે. નવા બનેલા બે પોલીસ સ્ટેશન સાંતેજ અને ઈન્ફોસિટીમાં પણ પીએસઆઈને નિમણુંકો આપી દેવામાં આવી છે.

| નામ | ક્યાથી | ક્યા |
|---|---|---|
| એ.જે. પટેલ | કલોલ તાલુકા | સાંતેજ |
| એમ.જે. ચારેલ | કલોલ તાલુકા | સાંતેજ |
| એસ. ડી. ડામોર | અડાલજ | સાંતેજ |
| સી.આઈ.રાવ | કલોલ શહેર | સાંતેજ |
| કે.ડી. પ્રજાપતિ | ડભોડા | ઈન્ફોસિટી |
| બી.કે. સોલંકી | અડાલજ | ઈન્ફોસિટી |
| એમ.આર. સડાત | અડાલજ | ઈન્ફોસિટી |
| શ્રીમતી એસ.જી. મકવાણા | કંટ્રોલરૂમ | ઈન્ફોસિટી |
| પી.જે. સોલંકી | ટ્રાફિક | માણસા |
| આઈ.બી. રબારી | સે.૨૧ | એમ.ઓ.બી. |
| વી.યુ. સરવૈયા | સે.૭ | રીડર ગાંધીનગર, ડીવીઝન |
| વી.એમ. પટેલ | રીડર ગાંધીનગર | સચિવાલય સંકુલ |
| એન.જી. ચૌધરી | દહેગામ | સચિવાલય સંકુલ |
| એ.કે. કલસવા | એલ.આઈ.બી. | ડભોડા |
| ઝેડ.આઈ. શેખ | એમ.ઓ.બી. | એલ.આઈ.બી. |
| એન.એસ. ભગોરા | એમ.ઓ.બી. | એલ.આઈ.બી. |
| કે.એ. પટેલ | કલોલ શહેર | એલ.સી.બી. (પેરોલ ફર્લોસ્કોડ) |
| એચ.બી. વાઘેલા | ડભોડા | ટ્રાફિક |




## જાહેર નિવિદા

## તલોદ નગરપાલિકા

તલોદ નગરપાલિકા વર્ષ ૨૦૧૪-૧૫ વિકેન્દ્રીત જીલ્લા આયોજન કાર્યક્રમ વિવેકાધીન જોગવાઈ ગ્રાન્ટ હેઠળ (૧) પંડિત દીન દયાલ ઉપાધ્યાય બગીચામાં ટોયલેટ બ્લોક તથા રૂમ બનાવવાનું કામ કે જેની અંદાજી રકમ રૂ. ૯,૦૦,૧૦૦/- (૨) મહિયલ ગળનાળાથી નાળા સુધી પાણીના નિકાલ માટે આર.સી.સી. પાઈપ લાઈનનું કામ કે જેની અંદાજી રકમ રૂ. ૭,૦૩,૨૩૫/-ના કામે તથા (૩) લાયસન્સ પ્લમ્બરના અરજી ફોર્મ (૪) જે.સી.બી. ચલાવવા માટે ડ્રાયવર તરીકેની કામગીરી કરવાનું ટેન્ડર. વિગત (૧) થી (૪)ના અરજી ફોર્મ / ટેન્ડર ફોર્મ જાહેર નિવિદા પ્રસિદ્ધ થયેથી તા. ૧૬/૬/૨૦૧૪ સુધીમાં મેળવી શકાશે. ઉપરોક્ત ભરેલ ટેન્ડર કોપી / અરજી તથા નગરપાલિકા ઓફિસમાં ૧.૫/૨.૦ ટન કેપેસિટીના વિવિધ કંપનીના સ્પ્લીટ ACના ભાવ તા. ૧૯/૬/૨૦૧૪ સુધીમાં રજિસ્ટર-એડી દ્વારા મોકલી આપવાના રહેશે. આવેલ ટેન્ડર અન્વયે અબાધિત અધિકાર તલોદ નગરપાલિકાનો રહેશે. આ બાબતે વધુ માહિતી માટે કચેરીના સમય દરમિયાન નગરપાલિકાનો સંપર્ક કરી શકાશે.


જા.નં. : નપા/૪૯૦/૨૦૧૪ — ચીફ ઓફીસર

તા. ૭/૬/૨૦૧૪ — તલોદ નગરપાલિકા

# આજે ગાંધીનગર સે-૨૧ જુમ્મા મસ્જિદ ખાતે વાઅઝનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૭

હઝરત કિબ્લા કારી વ હાફીઝ મૌલાના વ મુફતી ડૉ. મોહંમદ મુકર્રમ એહમદ સાહબ, શાહી ઈમામ, મસ્જિદે ફતહપુરી, દિલ્હી ગાંધીનગરમાં સેકટર-૨૧, જુમ્મા મસ્જિદ ખાતે તા. ૮-૬-૨૦૧૪ રવિવારના રોજ વાઅઝ ફરમાવશે. દરેક મુસ્લિમ બિરાદરોને આ અંગે જાહેર આમંત્રણ છે.



ખીમરાજ ગઢવી મો. : ૯૯૭૮૨ ૪૬૩૧૮

કલ્યાણ ગઢવી મો. : ૯૯૧૩૬ ૨૧૩૬૯

ગુજરાતની તમામ પ્રખ્યાત

કેસર કેરી

(કચ્છ, તાલાલા, વલસાડ) એક જ જગ્યાએથી મેળવો.

કચ્છ કેરી બજાર

ઘ-૫ સર્કલની પાસે, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૧૬, ગાંધીનગર.

નોંધ : કચ્છની પ્રખ્યાત ખારેક તા. ૨૦/૬/૧૪થી મળશે




ડુપ્લેક્ષ વેચવાનું છે

પેથાપુરથી ગાંધીનગર મેઈનરોડથી ૭૦ મીટરના અંતરે, ફુલ્લી ફર્નીશ્ડ સાથે, ૨-રસોડા, ૨-હોલ, ૪-બેડરૂમ અને કેબિન સાથે કોર્નરનું મકાન, સરકારી ઈજનેરી કૉલેજથી ૧-કિ.મી.ના અંતરે, પેથાપુર

સંપર્ક : ૯૪૧૪૧ ૦૯૧૦૮

ડો. મળશે નહિ

ડો. છાટબાર

કાન-નાક-ગળાના સર્જન

ગાંધીનગર સેક્ટર-૧૭ના પ્રખ્યાત કાન, નાક, ગળાના સર્જન ડૉ. છાટબાર ત્રિપુરા મેડિકલ મીટીંગમાં જતા હોવાથી તા. ૮ થી ૧૧ જૂન દરમિયાન મળી શકશે નહિ.

SANGHI CEMENT — KisaN — ashirvad C. PVC, UPVC — TATA STEEL • PIPES • SHEETS — VINAYAK 500 TMT BARS - ISI — BENELAVE BATH FITTINGS — DR. FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com